ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૦/૧૮-૧૯/ 5024 તારીખ : 1 NOV 2018

કેસ નં. ૮૦/૧૮-૧૯.

પ્રતિ,
શ્રી રાજેન્દ્રસિંહ ધનશ્યામસિંહ જાડેજા,
ચંદ્ર દર્શન, ઝાંઝરડા રોડ,
મહેશ નગર,
જુનાગઢ.
મો :૯૮૯૮૫ ૨૩૪૮૬.

**વિષય** : નવા ખેતીવાડી વીજ જોડાણ બાબત.
**સંદર્ભ** : ૧) આપનો પત્ર તા. ૦૯.૦૭.૧૮.
૨) બીઝેડ/ફોરમ/૮૦/૧૮-૧૯/૩૩૭૨ તા. ૨૫.૦૭.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા. ૧૬.૧૦.૧૮. નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ:
શ્રી કાર્યપાલક ઈજનેર,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,
વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર..

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, મુળી.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૮૦/૧૮-૧૯**

વાદી :- શ્રી રાજેન્દ્રસિંહ ધનશ્યામસિંહ જાડેજા

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :- **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજુઆતની તારીખ:– ૧૬/૧૦/૨૦૧૮**

હાજર રહયા :- પોતે.

પ્રતિવાદી :- શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.

શ્રી રાજેન્દ્રસિંહ ધનશ્યામસિંહ જાડેજા, મુ.ટીકર, તા. મુળી ની તેમના નવા ખેતીવાડી વીજ કનેક્શન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૦/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૮૦/૧૮-૧૯ /૩૩૭૨ તા.૨૫.૦૭.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૧૬.૧૦.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર. ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ રાજેન્દ્રસિંહ ધનશ્યામસિંહ રહે-ચંદ્ર દર્શન ,ઝાઝરકા રોડ,મહેશનગર,જુનાગઢ દ્વારા તેમના મુળી તાલૂકાના ટીકર ગામે તા ૨૦.૧૨.૨૦૧૨ ના રોજ રસીદ નં-૦૮૪૬૪૪ થી રુ ૨૦૦.૦૦ ખેતીવાડી ના વીજ કનેકશન મેળવવા માટેની નોંધણી કરવામાં આવેલ છે.

૧.૨ તેમના દ્વારા મુળી પેટા વિભાગીય કચેરીએ તપાસ કરતાં જાણવા મળેલ કે તેમનું કવોટેશન રજી એડી થી મોકલવામાં આવેલ અને સમયમર્યાદા જતી રહી હોવાથી તેમની અરજી રદ કરવમાં આવેલ છે.

૧.૩ રાજેન્દ્રસિંહ ધનશ્યામસિંહ ને પોતાને કવોટેશન મળેલ નથી,સદર કવોટેશન મારા રહેણાંક નાં સરનામું તેમજ મોબાઇલ નંબર પણ લખેલ છે,તેમછતાં મને કવોટેશન મળેલ નથી.તેમજ મને મોબાઇલ નંબર પણ કોઇપણ પ્રકારની જાણ કરવામાંઆવેલ નથી.,તો મારું ન મળેલ કવોટેશન ફરીથી આપવા માટેની રજુઆત કરવામાંઆવેલ છે.

**પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,**

૨.૧ સદર બાબતે નાયબ ઇજનેર (આરઇ),મુળી દ્વારા અનુસંધાન નં-૩ થી જવાબ આપવામાં આવેલ છે,જે મુજબ ગ્રાહકને સદર કનેકશન આપવા માટે નવા દસ્તાવેજી પુરાવાએ ગ્રાહક દ્વારા મુળી પેટા વિભાગીય કચેરીએ રજુ કરવા માટે તેમના ત્ર નં-૬૧૨૫ તા ૦૩.૦૮.૨૦૧૭ થી જણાવમાં આવેલ છે,જે તેમના ટીકર ના સરનામે આપવામાંઆવેલ છે, જે તેમને મળેલ નથીઅને પરત ફરેલ છે.



ance Redressal Forum
P.G.V.C.L
nagar.

૨.૨ વધુમાં ત્યાર બાદ વીલેજ હેલ્પર દ્વારા ૩/૪ વખત તેમનો સંપર્ક કરવા પ્રયત્ન કરવમાંઆવેલ ,પરંતુંતેમનો સંપર્ક થઇ શકેલ નહી તેમજ ત્યારબાદ **તેમના પત્ર નં-૧૦૪૪૬** તા ૧૧.૧૨.૨૦૧૭ થી પણ પત્ર દ્વારા જણાવામાંઆવેલ ,તેમ છતાં તેમનો સંપર્ક થઇ શકેલ **નહી,અને વિભાગીય** કચેરી દ્વારા એસડી/ટેક/આરઇ/૩૫૭ તા ૧૨.૦૧.૨૦૧૮ થી પણ તેમના ટીકર ના સરનામે **આખરી નોટિસ આપવામાંઆવેલ** છે,જે પણ પરત ફરેલ છે.

૨.૩ **આમ, અરજદાર દ્વારા પોતાની અરજી** બાબતે કોઇ કાળજી નલાવતાં સદર અરજી રદબાતલ કરવામાંઆવલ છે,જે આપની જાણ સારું

☞ <u>ફોરમનું તારણ</u> :- **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

3.૧ **વાદી અરજદાર રાજેન્દ્રસિંહ** ઘનશ્યામસિંહ જાડેજાએ તા. ૨૬.૧૨.૨૦૦૦ના રોજ ગામ ટીકર તા. મુળીમાં નવા **ખેતીવાડી વીજ જોડાણ** માટે અરજી નોંધણી કરાવેલ.

**3.૨ પ્રતિવાદીએ** નવા વીજ જોડાણ માટે તા. ૦૩.૦૮.૧૭ ટેમક તા. ૧૧.૧૨.૧૭ના રોજ વાદીને તેના ટીકરના **સરનામે** પત્ર લખી તેની જમીનના નવા દસ્તાવેજી પુરાવા મંગાવેલ તેમજ તા. ૧૨.૦૧.૧૮ના રોજ આખરી **નોટીસ** આપવામાં આવેલ પરંતુ વાદીને પ્રતિવાદી દ્વારા લખવામાં આવેલ કોઈ પત્ર કે નોટિલ મળેલ નહિ, અને પ્રતિવાદીએ વાદીના વીજ જોડાણ અંગેની અરજી રદબાતલ કરેલ.

3.3 વાદીને ફોરમને લેખિત રજૂઆત મુજબ તેને કરેલ સરનામાં માટે જુનાગઢ કે જ્યાં તેઓ રહે છે તે સરનામું આપેલ.

3.૪ પ્રતિવાદી પાસે વાદીએ કરેલ તા. ૨૦.૧૨.૧૨ની અરજી, એ-૧ ફોર્મ રજુ કરવાનું જણાવતા પ્રતિવાદીની ઓફીસમાં રેકર્ડ મળતો નથી તેવું જણાવેલ.

3.૫ વાદીને તેણે કરેલ અરજી માટે નવા વીજ જોડાણ અંગેનું અંદાજપત્ર મળેલ નથી તેમજ પ્રતિવાદી દ્વારા મોક્લવામાં આવેલ અંદાજપત્ર પ્રતિવાદીની કચેરીમાં પરત આવેલ છે. તેમજ વાદીએ તેની અરજીમાં ફોન નંબર પણ જણાવેલ, આથી વાદીએ પ્રતિવાદીએ માંગેલ જરુરી દસ્તાવેજો આપવા તેમજ ફોરમનો હુકમ મળ્યેથી દિવસ-૧૦ માં વાદીને હાલના સરનામે અંદાજપત્ર આપવું.

<u>-:: હુકમ ::-</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો ના આધારે હુકમ કરવામાં આવે કે " તારણ નંબર 3.૫ મુજબ હુકમ કરવામાં આવે છે."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :-૧૬.૧૦.૧૮.

Redressal Forum P.G.V.C.L Bhavnagar.